RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૨૪ તા.૨૨–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા. ૨૧–૧૦–૧૧ની અરજીથી શિવાજીનગર ઝુંપડપટ્ટીના કે જેઓએ આપની વરાછા ઈસ્ટ ઝોન ખાતે વૈકલ્પિક આવાસ મેળવવા માટે અરજી આપવામાં આવેલ છે અને ઝુંપડા માલિક ધ્વારા કેટલા કબજા ધારકો પાસેથી અરજી પાછી ખેંચવામાં આવેલ છે આમ તેઓની નામો સહિત સંપૂર્ણ માહિતી આપવા બાબતે મુદ્દા નં. (૧) થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૨–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૪/૨૦૧૧–૧૨

શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા. ૨૧–૧૦–૧૧ની અરજીથી શિવાજીનગર ઝુંપડપટ્ટીના કે જેઓએ આપની વરાછા ઈસ્ટ ઝોન ખાતે વૈકલ્પિક આવાસ મેળવવા માટે અરજી આપવામાં આવેલ છે અને ઝુંપડા માલિક ધ્વારા કેટલા કબજા ધારકો પાસેથી અરજી પાછી ખેંચવામાં આવેલ છે આમ તેઓની નામો સહિત સંપૂર્ણ માહિતી આપવા બાબતે મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી માહિતી નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૪ તા.૩–૧૨–૧૧થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી. અરજદારને તેમના તા.૧૫–૧૨–૧૧ નો તા.૧૬–૧૨–૧૧ ના રોજ મળેલ પત્ર અનુસંધાને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૦૭ તા.૨૨–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારીના તા.૨૧–૧૧–૧૧ ના પત્રથી મોકલેલ માહિતી તેમને લેટ મળ્યાનો દાવો કરેલ તે અંગે જે આધાર હોય તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ આધાર કે સ્પષ્ટતા કરેલ નથી.

અરજદારની તા.૨૧–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૨–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ વરાછા ઈસ્ટઝોન તરફથી જે ઝુંપડા સર્વે કરવામાં આવેલ છે. તેમાં કેટલાં ઝુંપડાને આપના તરફથી સર્વે સમયે કેટલાં ઝુંપડા વેચી રહયા હોય તેવાની માહિતી કે તેમને એચ.આઈ. નંબર ન પાડેલા હોય તે અંગે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૮૭ તા.૨૧–૧૧–૧૧ થી આ અંગે કોઈ માહિતી અત્રેનાં રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું સમય અવધિ બાદ જણાવેલ. મુદ્દા નં.૨ શિવાજીનગર ઝુંપડપટ્ટીમાં જે સર્વે કરવામાં આવેલા ઝુંપડાઓને જે વરાછા ઈસ્ટ ઝોન કચેરી ખાતે ઝુંપડા માલિકના ભાડુત કબજેદાર તરીકેનું જેમના નામે એચ.આઈ. નંબર પાડેલા હોવાથી કે ઝુંપડા માલિક તરફથી આવા કેટલાં ભાડૂત કબજેદાર પાસેથી લખાણ લઈને જેમની પાસે કે ભાડુત કબજેદારની પાસેથી કેટલા અરજદારોની પાસેથી તેઓની અરજી ખેંચવામાં આવેલી છે. તેઓના તમામના વિગતવાર નામો અને તેમાં જે પાછી ખેંચેલી અરજીવાળાની સાથે કયા પુરાવા રજુ કર્યા છે અને તેઓની અરજી કઈ તારીખે આપના ઝોનમાં આપવામાં આવેલ છે આ અંગે તમામ વિગતવાર માહિતી આપવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી બાયોમેટ્રીક સર્વેમાં જેના નામ છે તેવા અરજદાર/ કબજેદાર તરફથી અરજી પાછી ખેંચવામાં આવેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં જણાતુ નથી. સદર શિવાજીનગર ઝુંપડપટ્ટીમાં કુલ ૧૭ કેસમાં અરજીઓ પાછી ખેંચવામાં આવેલ છે. આ અરજીઓ તબકકાવાર તા.૧૭–૬–૧૧ , તા.૬–૮–૧૧, તા.૨૫–૮–૧૧, તા.૩૦–૮–૧૧ , તા.૩–૧૦–૧૧ , તા.૧૦–૧૦–૧૧ વિ. તારીખે ઝોનમાં ઈનવર્ડ થયેલ છે અન્ય વિગત મેળવવા ઝોન કચેરીમાં કામકાજના દિવસ દરમ્યાન સાંજના ૪–૦૦ થી ૬–૦૦ ના ગાળામાં રૂબરૂ નિરીક્ષણ કરી લેવાનું રહેશે. મુદ્દા નં.૩ શિવાજીનગર ઝુંપડપટ્ટીના જે ઝુંપડા ધ્વારા જે ભાડુત કબજેદાર પાસેથી લખાણ કરાવીને જે પોતાનું હિત સાધવામાં આવેલ હોય તો આવા કેટલાં ઝુપડા માલિકને તેમના ઝુંપડામાં રહેતા ભાડુત પાસેથી સંમતિ લખાવી લેવામાં આવેલ છે. તેવા ઝુંપડા માલિકનું નામ અને તેમને ફાળવેલા આવાસનાં એચ.આઈ. નંબર અને બ્લોક નંબર તથા મકાન નંબરની તમામ વિગતવાર સંપૂર્ણ માહિતી આપવા મારી નમ્ર વિનંતી છે. મુદ્દા નં.૪ શિવાજીનગર ઝુંપડપટ્ટીના જે બેઘર હોય અને તેમના નામે મકાન કે પ્લોટ નહીં હોય તે નિયમનું

પાલન ન થતા જે ભાડુત કબજેદારો પાસેથી જે ઝુંપડા માલિકે ખાલી કરાવીને તેઓને આ અંગે જે ઝુંપડા માલિકને આપના તરફથી જેટલા આવાસ ફાળવણી કરી આપવામાં આવેલ છે તેઓ તમામ ઝુંપડા માલિકો પોતાના એપાર્ટમેન્ટમાં તથાબંગલા અને પ્લોટ પણ ધરાવે છે અને તે તમામને જે તપાસ કરીને કે ઝુંપડા માલિકની પોતાની મીલકત હતી કે દસ્તાવેજની જગ્યા હતી તે અંગે જેથી આ અંગે તમામ ભાડુત કબજેદારો પાસેથી તેમના નામના એચ.આઈ. નંબર પર આપની ઝોન ધ્વારા તેઓનાં ઝુંપડા માલિકને કોસાડ ખાતે આવાસ ફાળવણી થઈ છે. આવા કેટલા ઝુંપડા માલિકને આવાસ ફાળવણી થઈ છે તેઓનાં તમામના નામો એચ.આઈ નંબર તથા બ્લોક નંબર રૂમ નંબર સહિતની તમામ માહિતી આપવી. સદર મુદ્દા નં.૩ અને ૪ ના સંયુકત જવાબમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી મેળવવા વરાછાઝોનની કચેરીમાં કામકાજના દિવસ દરમ્યાન સાંજના ૪–૦૦ થી ૬–૦૦ ના ગાળામાં રૂબરૂ નિરીક્ષણ કરી લેવાનું રહેશે. તેવું સમય મર્યાદા બાદ જણાવેલ. મુદ્દા નં.પ વરાછા ઈસ્ટ ઝોન કચેરી તરફથી જે ડિમોલેશન થયું હોય કે સર્વે કરતી વેળા શરતચૂકથી બાકી રહી ગયેલ હોય અને જેની પાસે વર્ષોથી ભાડેથી રહેતા હોય અને ઝુંપડા માલિકના ધાકધમકી ડરીને તેઓ ખાલી કરી દેવામાં આવેલ હોય તો જે ઝુંપડામાં રહેતા ગરીબ પછાત વર્ગના દલિત પીડીત જે આપની વરાછા ઈસ્ટ ઝોનમાં શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ તેઓ બેઘર થયેલા ઝુંપડાવાળાઓ તેવા તમામને નિયમ મુજબનાં પુરાવા અરજી સાથે આપના ઝોનમાં આવે તો તેવા પીડીત અરજદારો જો આપની વૈકલ્પિક આવાસ મેળવવા માટે અરજી કરે તો તે આપની પાસે આ અંગે તઓને આવાસ ફાળવણી કરી શકશે તે આનો વિગતવાર સંપૂર્ણ માહિતી આપવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આવા કેસમાં અરજીનાં ગુણદોષ ચકાસી યોગ્ય નિર્ણય લેવામાં આવે છે. તેવું જણાવેલ. જયારે અરજદારે અપીલ દરમ્યાન વરાછા ઈસ્ટ ઝોન તરફથી સર્વે દરમ્યાન જે મળેલ માહિતી અનુસાર ઘણાખરના જે ભાડુત કબજેદારોને ઝુંપડા પર એચ.આઈ. નંબર પાડવામાં ન આવેલ હોવાથી તેવો અને જે ભાડુત કબજેદાર હોવા છતાં તેઓને આવાસ ફાળવણી આપના ધ્વારા કરવામાં આવી નથી અને તેવો ભાડુત કબજેદારને ઝુંપડા માલીકને સંમતિ પણ આપવામાં ન આવેલ હોવાથી છતાં આપના તરફથી ભાડુત કબજેદાર ને બેઘર બનાવી દેવામાં આવેલ છે તે જાણવા મળેલ છે અને તેનો લાભ ઝુપડા માલીકને આવાસ ફાળવણી કરાવામાં આવી છે તેવી માહિતી મળી છે અને આ બાબતે ધ્યાન દોરવા માંગું છું કે તમામને ન્યાય મળે અને આવાસ મળે તેવી મારી માંગણી છે . તેવું જણાવેલ છે. તેમજ અરજદારને જાહેર માહિતી અધિકારીના તા.૨૧–૧૧–૧૧ ના પત્રથી મોકલેલ માહિતી લેટ મળ્યાનો દાવો કરેલ છે તે અંગે આધાર હોય તે રજુ કરવા જણાવેલ જે અનુસંધાને કોઈ આધાર રજુ કરવામાં આવેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી ઈન્પેકશન મેળવ્યા અંગે કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારની તા.૨૧–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિબાદ રૂબરૂ નિરીક્ષણ કરી જવા જણાવેલ છે. જે પ્રસ્તાવ મુજબ અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ અગોતરો સમય લઈ ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે."

અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારી નો સંપર્ક કર્યેથી હુકમની અમલવારી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે કરી તેની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી